# દિકરાને શાળાએ મુકીને ઘરે જતી મહિલાના ગળામાંથી દોરો ખેંચાયો

## સે-૨૨માં ટ્રાફીક પોલીસ સ્ટેશનની સામે બનેલી ઘટના : ચેઈન સ્નેચર્સ પલ્સર પર આવ્યા હતા

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેરના સેકટર-૨૨ ખાતે સરકારી આવાસમાં રહેતી મહિલા તેમના દિકરાને શાળાએ મુકવા ગઈ હતી ત્યાંથી પરત ફરી રહી હતી ત્યારે સે-૨૨ ટ્રાફીક પોલીસ સ્ટેશન નજીક પલ્સર પર આવેલા બે ચેઈન સ્નેચર્સે મહિલાના ગળામાં હાથ મારીને એક તોલાનો દોરો આંચકી લીધો હતો અને ફરાર થઈ ગયા હતા. મહિલાની ફરિયાદને આધારે સે-૨૧ પોલીસે ગુનો દાખલ કરીને વધુ તપાસ શરુ કરી છે.

સેકટર-૨૨, જ ટાઈપ ખાતે બ્લોક નં. ૭૫/૧માં રહેતા રેખાબેન શૈલેશભાઈ દેસાઈ આજે તેમના દિકરાને શાળાએ મુકવા ગયા હતા ત્યાંથી ચાલતા ચાલતા સે-૨૨ના ટ્રાફીક પોલીસ સ્ટેશનની સામે ત્રણ રસ્તા નજીકના કાચા રસ્તા પરથી ઘરે જઈ રહ્યા હતા તે દરમિયાન પલ્સર બાઈક પર બે અજાણ્યા શખ્સો આવ્યા હતા અને રેખાબેનની નજીક જઈને એક તોલા વજનનો રૂ. ૨૫ હજારની કિંમતનો સોનાનો દોરો ખેંચી બંને ચેઈન સ્નેચર્સ પળવારમાં રફફુચક્કર થઈ ગયા હતાં. સે-૨૧ પોલીસે રેખાબેનની ફરિયાદને આધારે ગુનો દાખલ કરીને પીએસઆઈ આઈ.ડી. રાઠોડે વધુ તપાસ શરુ કરી છે.

### પર્યુષણના પ્રથમ દિવસે જ

## દેરાસરથી પરત ફરતા વૃદ્ધા સાથે ચેઈન સ્નેચીંગનો પ્રયાસ

### સે-૨૨માં એકટીવા પર આવેલા બે ચેઈન સ્નેચર્સ કેમેરામાં કેદ

પર્યુષણના પ્રથમ દિવસે ગઈ કાલે સે-૨૨માં આનંદવાટીકા ખાતે રહેતા વૃધ્ધા દમ્યંતીબેન શાહ બપોરના સુમારે સે-૨૨સ્થિત જૈન દેરાસર જઈને પરત ફરી રહ્યા હતા તે દરમિયાન દેરાસર નજીકના રોડ પર ચાલતા જઈ રહ્યા હતા ત્યારે એકટીવા લઈને આવેલા બે ચેઈન સ્નેચર્સે વૃદ્ધાના ગળામાં હાથ માર્યો હતો અને ૪ તોલા વજનનો સોનાનો પહેરેલો દોરો ખેંચવાનો પ્રયાસ કર્યો હતો જો કે હાથમાંથી દોરો છટકી જતા અને આસાનીથી દોરો ન તુટતા ચેઈન સ્નેચીંગ સફળ રહ્યું ન હતું. જો કે જે સ્થળે ચેઈન સ્નેચીંગનો પ્રયાસ થયો ત્યાં જ સીસીટીવી કમેરા લગાડેલા હતાં આ કેમેરામાં બંને ચેઈન સ્નેચર્સ કેદ થઈ ગયા છે. આ ફુટેજ પોલીસને પણ આપવામાં આવ્યા છે. જેને આધારે ચેઈન સ્નેચર્સ સુધી પહોંચવા પોલીસે દોડધામ શરુ કરી છે.

# ચિલોડા પાસે સ્થિત શિવપુરા કંપાના યુવાનનો દવા ગટગટાવી આપઘાત

## દવા પીધા બાદ ૯ કલાક સુધી જીવન-મરણ વચ્ચે ઝોલા ખાધા હતા : અંતે સારવાર દરમિયાન મૃત્યુ થયુ

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર નજીકના ચિલોડા પાસે સ્થિત શિવપુરા કંપા વિસ્તારમાં રહેતા ૩૫ વર્ષીય યુવાને કોઈ અગમ્ય કારણોસર ગઈ મોડી સાંજે પોતાના ઘરે જ કોઈ ઝેરી દવા ગટગટાવી લીધી હતી. ગંભીર હાલતમાં સે-૨૨માં ખાનગી હોસ્પિટલમાં અને ત્યાંથી ગાંધીનગર સિવિલ હોસ્પિટલ વધુ સારવાર માટે ખસેડવામાં આવેલા યુવાનનું સારવાર દરમિયાન આજે સવારે કરુણ મોત નિપજયું છે. ચિલોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધીને વધુ તપાસ શરુ કરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ચિલોડા નજીકના શિવપુરા કમ્પા વિસ્તારમાં રહેતા ૩૫ વર્ષીય ચિમનભાઈ મનારભાઈ નાયકે ગઈ મોડી સાંજે ૯ વાગ્યાના અરસામાં પોતાના ઘરે જ કઈ કારણોસર ઝેરી દવા પી લીધી હતી. તાત્કાલીક ગંભીર હાલતમાં તેને સે-૨૨ની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવાયા હતા ત્યાંથી વધુ સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ પણ ખેસડવામાં આવ્યો હતો. દવા પીધા બાદ નવેક કલાક સુધી મોતની સામે ઝઝુમેલા આ યુવાને અંતે સવારે સારવાર દરમિયાન શ્વાસ છોડયો હતો. ચિલોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધીને મૃતદેહ પીએમ કરાવી વધુ તપાસ આરંભી છે.





## ગોવર્ધનનાથની હવેલીમાં ચિત્ર સ્પર્ધા

સેકટર-૨૧માં આવેલ ગોવર્ધનનાથજીની હવેલી ખાતે વૈષ્ણવ સમાજ અને આંતરરાષ્ટ્રીય પુષ્ટી માર્ગીય ગાંધીનગર દ્વારા ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી હતી. સ્પર્ધામાં ૧૨૪ બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને વિજેતા બાળકોને પ્રોત્સાહન ઈનામ આપવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં પ્રમુખ ડી.એફ. શાહ, રસિકભાઈ ગાંધી, ચંદ્રકાન્ત અડાલજા, જયેન્દ્ર પરીખ, હર્ષદ ગાંધી, જીતુભાઈ ગાંધી ઉપસ્થિત રહ્યા હતા.

# એસ.જી. ઈંગ્લિશ મિડિયમ પ્રાયમરી સ્કૂલમાં નૃત્યનાટિકા લોગો કોમ્પિટીશન અને શૈક્ષણિક પ્રવાસ યોજાયો

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરના કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ.જી. ઈંગ્લિશ મિડિયમ બાળકોએ રંગબેરંગી વેશભૂષામાં સજજ થઈ જુદી જુદી નૃત્ય નાટિકાઓ રજૂ કરી હતી. જેમાં 'છોટી છોટી ગૈયા છોટે છોટે ગ્વાલ', 'ગોવિંદા આલા રે તૈયાર કરવામાં આવ્યા હતા. જેમાં દરેક બાળકો પોતાની કૌશલ્ય શકિતને ચિત્રાત્મક રૂપ આપી અભિવ્યકત કરી હતી. ત્યારબાદ ધોરણ-૬ના



પ્રાયમરી સ્કૂલમાં ધોરણ ૧ થી ૪ના ભૂલકાઓ માટે નૃત્ય નાટિકા સ્પર્ધા, ધોરણ-૬ માટે ગાંધીઆશ્રમ અને સરદાર પટેલ મ્યુઝિયમનો શૈક્ષણિક પ્રવાસ તથા ધોરણ ૫, ૬, ૮ ના બાળકો માટે 'લોગો મેકિંગ' કોમ્પિટીશન યોજવામાં આવી હતી.

એસ.જી. ઈંગ્લિશ મિડિયમ પ્રાયમરી સ્કૂલના ધોરણ-૧થી ૪ના બાળકો દ્વારા ૨૩મી ઓગસ્ટ ૨૦૧૪ના રોજ નૃત્યનાટિકાનો સુંદર કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે કેમ્પસ ડાયરેકટર ડૉ. સોમભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો. આલા', 'મૈયા યશોદા' 'વો ક્રિશ્ના હૈ' વગેરે ગીતો સાથે રજૂ કરેલી નાટિકાઓને વિજેતા ક્રમ મળ્યો હતો. ધોરણ ૧ એ-બી-સી ગૃપનો પ્રથમ, ધો-૧ ડી-ઈ-એફ ગૃપનો બીજો નંબર અને ધોરણ-૨નો ત્રીજો નંબર આવ્યો હતો.

શાળાના ધોરણ-૫, ૭ અને ૮ના વિદ્યાર્થીઓ માટે તા.૨૦મી ઓગસ્ટ ૨૦૧૪ના રોજ લોગો કોમ્પિટીશન અને ધોરણ-૬ના વિદ્યાર્થીઓ માટે ગાંધી આશ્રમ તથા સરદાર પટેલ મ્યુઝિયમની મુલાકાત લેતો શૈક્ષણિક પ્રવાસ યોજાયો હતો. લોગો કોમ્પિટીશનમાં બાળકો દ્વારા સુંદર પ્રતિકાત્મક અને સાંકેતિક લોગો વિદ્યાર્થીઓનો સરદાર પટેલ મ્યુઝિયમ તથા ગાંધી આશ્રમની મુલાકાત લેતો શૈક્ષણિક પ્રવાસ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે બાળકોએ મહાત્મા ગાંધીજીના આશ્રમની મુલાકાત લઈ રેંટિયો, બાપુ જયાં સવાર સાંજ પ્રાર્થના કરતા હતા તે જગ્યા તેમની કુટિર વગરે નિહાળ્યું હતું. સરદાર પટેલ મ્યુઝિયમમાં વલ્લભભાઈ પટેલના જીવન દર્શનની ફિલ્મ પણ નિહાળી હતી. બાળકોએ આ પ્રસંગે સરદાર વલ્લભભાઈ પટેલના જીવન વિશે વિશેષ માહિતિ મેળવી હતી. આચાર્યા દ્વારા દરેકને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## આજના ધાર્મિક કાર્યક્રમ

- શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા શિવરૂદ્રાભિષેક અને શિવ મહિમ્ન પાઠ આજે રાત્રે ૮.૩૦ વાગે ચંદ્રકાન્તભાઈ ઓઝા ૧૩૩૫/૨, સેકટર-૨-બી ખાતે યોજાશે.
- શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સેકટર-૨૩ દ્વારા શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના આજે રાત્રે ૯-૦૦ વાગે પરેશભાઈ દવે વિરાટનગર, ઈશાન ફલેટ ખાતે યોજાશે.
- શ્રી શિવ શકિત શિવ મહિમ્ન સ્ત્રોત મંડળ સેકટર-૨૩ દ્વારા શિવ મહિમ્ન સ્ત્રોત આજે રાત્રે ૯-૦૦ વાગે પ્રદિપભાઈ દવે ૩/૨ છ ટાઈપ ખાતે યોજાશે.
- વાવોલ રામધામ ખાતે ચાલતી રામકથામાં આજે શ્રી રામ વનવાસ પ્રસંગ યોજાશે. ભાવિ ભકતોને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.
- સંસ્કાર ગૃપ દ્વારા શ્રાવણ માસ નિમિત્તે કોટેશ્વર મહાદેવ મંદિર-ભાટ ખાતે પૂજા અર્ચના કરવામાં આવશે. ગૃપના સભ્યોએ ઉપસ્થિત રહેવું.



**જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય ખો-ખો સ્પર્ધામાં જિલ્લામાં પ્રથમ**

જિલ્લા કક્ષાની અન્ડર-૧૯ ખો-ખો સ્પર્ધામાં જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયની બહેનો પ્રથમ સ્થાને વિજેતા બની છે. આ ટીમ જિલ્લા કક્ષાએ રમવા જશે. વિજેતા ટીમમાં ચૌધરી રીન્કુ, પ્રગતિ, રમીલા, સીયા, લલિતા, હિના, મહિમા, જાનકી, ભારતી, રંજન, ઠાકોર અનિતા અને ગોહિલ સ્નેહલનો સમાવેશ થાય છે. આચાર્યાશ્રી સંતોકબેન, વ્યાયામ શિક્ષક લીલાબેન, પિનાક્ષીબેન તથા શાળા પરિવારે અભિનંદન પાઠવેલ છે.




ચિલોડા સ્થિત ઓમ લેન્ડમાર્ક શાળા ખાતે ડીસ્ટ્રીક ટુર્નામેન્ટ જીત કેન-ડો યોજાઈ હતી. જેમાં ઈન્ફોસિટી શાળાના વિદ્યાર્થીઓ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી શાળાને ગૌરવ અપાવ્યું હતું. સ્પર્ધામાં વિશ્વજીત જાડેજા, વૃત પટેલ, ચિરાયુ શાહ અને શ્રેયા પટેલે ભાગ લઈ વિજેતા બન્યા હતા. તમામ વિદ્યાર્થીઓને શાળા પરિવાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# ગાંધીનગર પ્રેસ એક્રિટીડેશન ક્લબના ઉપક્રમે પત્રકારોએ સાયન્સ સિટીની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર પ્રેસ એક્રિટીડેશન ક્લબના ઉપક્રમે સાયન્સ સિટીની મુલાકાતનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. રાજ્યમાં વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસની સાથે સાથે કદમ મિલાવવા માટે વિજ્ઞાનનો બહોળો ફેલાવો થાય તે હેતુસર સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના સચિવશ્રી હૈદર સાહેબના હકારાત્મક અભિગમ હેઠળ આ પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું.

સમગ્ર એશિયામાં સૌથી મોટા સ્કિન પર થ્રિડી ફિલ્મ દ્વારા સાયન્સ સિટીમાં વિજ્ઞાનના અલૌકિક અને ભુલાયેલા જેવા કે દરિયા નીચેની દુનિયા કે ડાયનાસોર અંગેની જુદી જુદી ફિલ્મ બતાવવામાં આવે છે. તો ક્યાંક મંગળ મિશન પર લઈ જતા યાનનો અનુભવ કરાવવામાં આવે છે. તો ક્યાંક અંધારા ગુબજ નીચે સમગ્ર બ્રહ્માંડ તારા ગ્રહ, આકાશ ગંગાની દુનિયાને આંખ સમક્ષ ખડી કરી દેવામાં આવે છે. ધનબાદની કોલસાની ખાણને સામે ધરી દેવામાં આવે છે. તો અનેક વિજ્ઞાનના અવનવા પ્રયોગો દ્વારા સાયન્સ અને ટેકનોલોજી વિભાગે સાયન્સ સિટીમાં કમાલ કરી છે. ગાંધીનગરના પત્રકારો આ દુનિયાએ આ દુનિયાને નિહાળી હતી.

સમગ્ર પ્રવાસ અને શિક્ષણ માટે સાયન્સ સિટીના એજયુકેટર પુલકેશભાઈ પ્રજાપતિ અને સમગ્ર કાર્ય સંચાલન દેવેનભાઈ અમિન તથા સમગ્ર શૈક્ષણિક અનુભવનો કાર્યક્રમ વૈજ્ઞાની ડૉ. શાહુએ અદ્ભુત રીતે ગોઠવી કાઢ્યો હતો. પત્રકારોએ સચિવશ્રી એસ.જે. હૈદર ઉપરાંત સાયન્સ સીટીના સ્ટાફનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

## સે-૪-ડીમાં આનંદનો ગરબો યોજાશે

મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો તા. ૨૫ ઓગસ્ટ, સોમવાર બપોરે ૨.૩૦ વાગે શારદાબેન પટેલ, પ્લોટ નં. ૯૨૪/૧, સેકટર-૪-ડી ખાતે યોજાશે. ભાવિ ભકતોને ઉપસ્થિત રહેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

## આજે ચાંદખેડામાં આનંદનો ગરબો

મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો આજ રોજ રવિવારે કામિનીબેન દિલીપભાઈ મેવાડાના નિવાસ સ્થાન બી-૨૦૩, સિધ્ધેશ્વરી એવન્યુ ચાંદખેડા ખાતે બપોરે ૧ થી ૪ દરમિયાન યોજાશે.

## આજે જીવ કલ્યાણ સંસ્થાની સભા યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

જીવ કલ્યાણ સંસ્થા ગાંધીનગરની માસિક જનરલ સભા આજરોજ રવિવાર સાંજે ૫.૦૦ વાગે સેકટર-૨૨ પંચદેવ મંદિરના યજ્ઞ સભાખંડમાં કે.બી. વ્યાસના અધ્યક્ષસ્થાને યોજાશે. તેમજ નવા સભ્યોને આવકારવામાં અને વિવિધ પ્રવૃત્તિઓની ચર્ચા કરવામાં આવશે. સર્વે સભ્યોને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

# ચૌધરી કોલેજમાં સપ્તધારા અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાયા

ગાંધીનગર, તા. ૨૩

શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં સ્વર્ણિમ ગુજરાત પ્રેરિત વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ યોજના સપ્તધારાઓ અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જ્ઞાનધારા અંતર્ગત મહિલા સશક્તિકરણ વિષય ઉપર નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ નંબરે પંડ્યા રશ્મિ, દ્વિતિય નંબરે પ્રજાપતિ દિવ્યા તથા તૃતીય નંબરે મકવાણા રિધ્ધિ તથા મેસરીયા હિના વિજયી બન્યા હતા. રંગકલા દ્વારા અંતર્ગત કોલેજની વિદ્યાર્થીનીઓ દ્વારા સ્ત્રી અસ્તિત્વ વિષય ઉપર ચિત્રકામ કરવામાં આવ્યું હતું. નાટ્યધારા અંતર્ગત કોલેજની વિદ્યાર્થીનીઓએ મા ની મમતા નટાક રજૂ કર્યું હતું. સર્જનાત્મક ધારામાં કોલેજની વિદ્યાર્થીનીઓએ રાખડી બનાવટ તથા વેસ્ટમાંથી બેસ્ટ આર્ટીકલની બનાવટની સ્પર્ધામાં ભાગ લીધો. રાંધેજા વિદ્યાપીઠના હોમસાયન્સના પ્રા. ડૉ. ઉષાબેન પટેલ દ્વારા સ્ત્રી સશક્તિકરણ વિષય અંતર્ગત રસપ્રદ વ્યાખ્યાન રજુ કર્યુ. સ્વર્ણિમ ગુજરાત સપ્તધારાના કોલેજના કો.ઓર્ડીનેટર પ્રા. પ્રતિમાબેન છનિયારાએ સ્પર્ધાઓમાં નિર્ણાયક તરીકે સેવા પુરી પાડી તેમજ કોલેજના આચાર્યા ડૉ. ઊર્મિલાબેન ચૌધરીએ વિજેતા બનેલ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર તેમજ શુભેચ્છાઓ પાઠવી.

## સે. ૫-એ નવરાત્રિ નિમિત્તે બેઠક

સે.૫-એ માં નવરાત્રિ નિમિત્તે આજે રવિવારના રોજ રાત્રે ૮.૩૦ વાગે શ્રી શિવશક્તિ મંદિર સેકટર-૫-એ ખાતે યોજાશે. આ મીટીંગમાં સેકટર-૫-એના તમામ વસાહતીઓને ઉપસ્થિત રહેવા જણાવવામાં આવ્યું છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૯
સૂર્યાસ્ત : ૭.૦૫

## તાપમાન

મહત્તમ : ૩૨.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૮.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૪ ટકા ● સાંજે ૮૫ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્કીન-૧ :

સિંઘમ રિટર્ન્સ : ૧૨.૪૫, ૩.૪૫, ૬. ૪૫, ૧૦.૦૦

: સ્કીન-૨ :

મર્દાની : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૧૫

: સ્કીન-૩ :

ધ એકપેન્ડેબલ્સ ૩ (અંગ્રેજી) : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૯.૪૫

સ્કીન-૪ :

મેડ અબાઉટ ડાન્સ : ૧૨.૪૫, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

મર્દાની : ૧૦.૦૦

: સ્કીન-૫ :

સિંઘમ રિટર્ન્સ : ૧૦.૦૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્કીન-૧ :

મર્દાની : ૧૦.૩૦, ૪.૩૦, ૧૦.૩૦

સિંઘમ રિટર્ન્સ : ૧.૩૦, ૭.૩૦

: સ્કીન-૨ :

ધ એકપેન્ડેબલ્સ ૩ (અંગ્રેજી) : ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫

મેડ અબાઉટ ડાન્સ : ૧.૧૫, ૭.૧૫

સ્કીન-૩ :

મર્દાની : ૧.૦૦, ૭.૦૦

સિંઘમ રિટર્ન્સ : ૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

## આપની આજ

**મેષ** : ભાગ્યવર્ધક રાજકીયક્ષેત્રે પદ પ્રતિષ્ઠા પ્રાપ્ત થઈ શકે છે. નકામા તનાવથી દૂર રહેવું. સામાજિક સમસ્યાનો ઉકેલ પ્રાપ્ત થઈ શકશે.

**વૃષભ** : ભૂમિ રક્ષા પ્રતિરક્ષા સંબંધી વિવાદિત પ્રકરણોમાં ચિંતનનો યોગ બની રહ્યો છે. ખાનપાનમાં કાળજી રાખવી. પદોન્નતિ, ભૂમિ સંબંધી લાભ પ્રાપ્તિ થવાની વિશેષ સંભાવના. રાજય તરફથી વિશેષ લાભ. આવકના સ્ત્રોતોથી લાભ પ્રાપ્તિ.

**મિથુન** : વરિષ્ઠ વ્યક્તિઓ તથા નીતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થશે. કલાત્મક ક્ષેત્રથી ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**કર્ક** : પદ- પ્રતિષ્ઠા સંબંધી વિવાદિત કાર્યોનો ઉકેલ લાવવા માટે યાત્રા-પ્રવાસ થઈ શકશે. ધર્મ, આધ્યાત્મ, ગહન શોધ સંબંધઈ શોધપૂર્ણ કાર્યોનો વિશેષ યોગ બની રહ્યો છે.

**સિંહ** : આર્થિક ઉન્નતિ થશે. આત્મવિશ્વાસમાં વધારો થશે. વ્યાપારિક ભાગીદારીઓમાં વિશેષ વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધાર્મિક સમસ્યાઓ પર વિચાર- વિર્મશ થઈ શકે છે.

**કન્યા** : કોર્ટ- કચેરીના મુદ્દે સાવચેતી રાખવી. ખાનપાનનું ધ્યાન રાખવું. મિત્ર, સંતાન પક્ષ સંબંધી સમસ્યાઓની લગતી બાબતોમાં યાત્રા અને ખર્ચ થશે.

**તુલા** : રાજકીય અને સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે. આર્થિક સ્ત્રોમાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. રોગ નિવારણાર્થે કાર્યો માટે યાત્રા પ્રવાસ થઈ શકશે.

**વૃશ્ચિક** : રોજગારીના નવા રસ્તાઓ પ્રાપ્ત થશે. વ્યાપાર- વ્યવસાયિકક્ષેત્રમાં લાભ પ્રાપ્ત થવાની શકયતા છે. મંગળ પ્રસંગોમાં સમય પસાર થશે. સંચિત ધન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્ર દ્વારા નોકરીમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે.

**ધન** : આર્થિક કારણોથી, સામાજિક કાર્યોથી અવરોધની સંભાવનાઓ રહેલી છે. સુખ, સુવિધા, ભવન, વાહન સંબંધી કાર્યોમાં અધિનસ્થ કર્મચારીઓથી વિવાદ કરવો નહીં.

**મકર** : આપને વિશેષ ભાગ્યવર્ધક કાર્યો થઈ શકશે. નવા વ્યાપારમાં રોકાણ વિચારીને કરવું. કર્મક્ષેત્રમાં વિશેષ ભાગ્યવર્ધક યાત્રા, નવા કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. કલાત્મક ક્ષેત્રમાં વિશેષ યોગ બની રહ્યો છે.

**કુંભ** : સાહિત્ય જગતના લોકો માટે ઉપલબ્ધિ કારક સમય. ધર્મ આધ્યાત્મ, કૌટુંબિક, માંગલિક કાર્યોમાં નાણાં ખર્ચ થવાની શકયતાઓ છે. ગૂઢ, ધાર્મિક, કુટુંબમાં માંગલિક, આધ્યાત્મિક કાર્યો થઈ શકશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**મીન** : વ્યાપાર -વ્યવસાયિક યાત્રાઓથી લાભ પ્રાપ્તિ થવાનો વિશેષ યોગ બની રહ્યો છે. મિત્રોનો સાથ સહકાર મળી રહેશે. કુટુંબ સંબંધી વિવાદ માનસિક કષ્ટનું કારણ બનશે.

## ચિરવિદાય

- સ્વ. નંદુબા અમરસિંહ રાઠોડ (ઉ.વ.૭૦) ગામ-ભારતી ચોપડી પાસે, તા. માણસા, જી. ગાંધીનગર.
- સ્વ. રજનીકાંત કેશવલાલ પટેલ (ઉ.વ.૪૬) ટી.બી.૯, કિર્તીધામ સોસાયટી, વાવોલ, ગાંધીનગર.
- સ્વ. નાનાલાલ ભાઈશંકર ત્રિવેદી (ઉ.વ.૮૮) ૩૪/૨, જીઈબી કોલોની, ટીપીએસ. ગાંધીનગર.
- સ્વ. કનુજી શંકરજી ઠાકોર (ઉ.વ.૪૦) ગામ - શિહોલી મોટી, તા.જી. ગાંધીનગર.
- સ્વ. ગોરધનભાઈ અંબાલાલ પટેલ (ઉ.વ.૭૦) પ્લોટ નં.૮૪૬/૨, સેક્ટર-૨સી, ગાંધીનગર.
- સ્વ. કંદર્પ લાભશંકર પાઠક (ઉ.વ.૫૩) પ્લોટ નં. ૪૨/૨, સેક્ટર-૨એ, ગાંધીનગર.